*This Question Paper contains 8 printed pages.*
*(Sections - A, B, C & D)*

Sl.No. 289493

# 10 (G)

**(MARCH, 2024)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 80***

સૂચનાઓ :

1) સ્પષ્ટ વંચાય તેવું હસ્તલેખન જાળવવું.
2) આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગ A, B, C અને D છે. તથા 1 થી 54 પ્રશ્નો છે.
3) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. આંતરિક વિકલ્પો આપેલા છે.
4) પ્રશ્નની જમણી બાજુમાં અંક તેના ગુણ દર્શાવે છે.
5) સૂચના પ્રમાણે આકૃતિઓ સ્વચ્છ, સ્પષ્ટ અને પ્રમાણસર દોરવી.
6) નવો વિભાગ નવા પાના પર લખવો. પ્રશ્નોના જવાબ ક્રમમાં લખવા.
7) પ્રશ્ન નં – 54 નકશાપૂર્તિ ફરજિયાત છે. તેમાં ફક્ત અંધ વિદ્યાર્થીઓ માટે અલગ પ્રશ્નો છે.

## વિભાગ – A

નીચે આપેલા 1 થી 24 પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો. (દરેકનો 1 ગુણ) [24]

■ યોગ્ય જોડકાં જોડો. [5]

| (A) | (B) |
|---|---|
| 1) બહુચરાજીનો મેળો | (A) સંગીત રત્નાકર |
| 2) પંડિત અહોબલે | (B) ગીધ |
| 3) કુદરતનો સફાઈ કામદાર | (C) લાંબા |
| 4) પવન ઉર્જા | (D) સ્ટોકહોમ |
| 5) પૃથ્વી પરિષદ | (E) મહેસાણા |
| | (F) સંગીત પારિજાત |

GYAN GATHA EDUCATION IS EMPOWERMENT

■ **નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.** [5]

6) તત્વજ્ઞાનથી ભરપૂર એવા સાહિત્યને 'અરણ્યકો' કહે છે.

7) જુનાગઢમાં ચાર ગુફા સમૂહ આવેલા છે.

8) સરકારે 'આવશ્યક ચીજવસ્તુઓ' માટેનો ધારો 1977 માં અમલમાં મૂક્યો.

9) સરસ્વતી સબલા યોજના અન્વયે કન્યાઓને વીના મૂલ્યે સાયકલ આપવામાં આવે છે.

10) બંધારણની કલમ 17 અન્વયે અસ્પૃશ્યતા નાબૂદ કરવામાં આંવી છે.

■ **નીચે આપેલી ખાલી જગ્યામાં યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પુરો.** [5]

11) રાષ્ટ્રીય માનવ સંગ્રહાલય ............... શહેરમાં આવેલું છે.

(A) દિલ્લી (B) હૈદરાબાદ (C) ભોપાલ

12) ............... માં ભારત સરકારે ભારતીય વન્યજીવો માટે બોર્ડની રચના કરી.

(A) ઈ.સ. 1952 (B) ઈ.સ 1976 (C) ઈ.સ 1986

13) પૃથ્વીય જળનો મુખ્ય સ્ત્રોત ............... છે.

(A) તળાવો (B) નદીઓ (C) વૃષ્ટિ

GYAN GATHA EDUCATION IS EMPOWERMENT

14) ............... નદીમાંથી 'ગ્રાન્ડ એનિકટ' નામે જાણીતી નહેરનું નિર્માણ કરવામાં આવ્યું.

(A) કૃષ્ણા (B) કાવેરી (C) ગોદાવરી

15) એક્સપ્રેસ હાઈવેને ............... માર્ગ પણ કહેવાય છે.

(A) દ્રુતગતિ (B) સરહદી (C) રાષ્ટ્રીય

■ **નીચેના પ્રશ્નોના આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો.** [5]

16) સાચો ક્રમ પસંદ કરી જોડકાં જોડો:

| (A) | (B) |
|---|---|
| (1) રાષ્ટ્રીય સંગ્રહાલય | (A) અમદાવાદ |
| (2) સાલારગંજ | (B) વડોદરા |
| (3) વડોદરા મ્યુઝિયમ | (C) હૈદરાબાદ |
| (4) લાલભાઈ દલપતભાઈ સંગ્રહાલય. | (D) ન્યુ દિલ્લી |

(A) (1 - C), (2 - D), (3 - A), (4 - B)

(B) (1 - D), (2 - C), (3 - B), (4 - A)

(C) (1 - A), (2 - B), (3 - C), (4 - D)

(D) (1 - D), (2 - A), (3 - B), (4 - C)

GYAN GATHA EDUCATION IS EMPOWERMENT

17) નીચેની બહુહેતુક યોજનાઓને તેમના સ્થાનના આધારે દક્ષિણ દિશાથી ઉત્તર દિશા તરફ ગોઠવતાં ક્યો વિકલ્પ સાચો જણાય છે.

(A) ભાખરા નાંગલ, નાગાર્જૂન સાગર, ચંબલ, નર્મદા

(B) ચંબલ, ભાખરા નાંગલ, નર્મદા, નાગાર્જૂન સાગર

(C) નર્મદા, ચંબલ, નાગાર્જૂન સાગર, ભાખરા નાંગલ

(D) નાગાર્જૂન સાગર, નર્મદા, ચંબલ, ભાખરા નાંગલ

18) ભારતમાં લગભગ કેટલા ટકા જળ સિંચાઈ માટે ઉપયોગી છે?

(A) 84%
(B) 83%
(C) 52%
(D) 8%

19) ઉત્પાદનના ત્રણેય સાધનોને ઉત્પાદનમાં યોજનાપૂર્વક જોડવાની કામગીરીને શું કહેવાય?

(A) મૂડી
(B) ભૂમિ
(C) શ્રમ
(D) નિયોજન

20) કઈ પધ્ધતિને મુક્ત અર્થતંત્ર કહે છે?

(A) બજાર પધ્ધતિ
(B) સમાજવાદી પધ્ધતિ
(C) મિશ્ર અર્થતંત્ર
(D) તમામ

■ **નીચેના પ્રશ્નોના એક-બે શબ્દોમાં જવાબ લખો.** **[4]**

21) ભારતને કુલ કેટલા કિલોમીટર (કિ.મી) દરિયા કિનારો મળેલ છે?

22) ગુજરાતનું બારેમાસ ખુલ્લું રહેતું બંદર કયું છે?

23) વિકાસશીલ રાષ્ટ્રોની મુખ્ય આર્થિક પ્રવૃતિ કઈ છે?

24) શિક્ષણ, બેન્કિંગ, વીમા કંપનીઓ વગેરેની કામગીરીનો સમાવેશ કયા ક્ષેત્રમાં થાય છે?

GYAN GATHA
EDUCATION IS EMPOWERMENT

## વિભાગ - B

**નીચે આપેલા 25 થી 37 પ્રશ્નોના તેર (13) પ્રશ્નોમાંથી કોઈ પણ નવ (9) પ્રશ્નોના આશરે 15 થી 35 શબ્દોમાં જવાબ લખો. (દરેકના 2 ગુણ)** **[18]**

25) ગુજરાતમાં ઉજવાતા ઉત્સવોની માહિતી આપો.

26) ભારતમાં એક "સમન્વયી સંસ્કૃતિનું સર્જન થયું" આ વિધાન સમજાવો.

27) કથકલી નૃત્ય વિશે માહિતી આપો.

28) રાજસ્થાનનું બિકાનેર જડતર કામ માટે જાણીતું છે. આ વિધાન સમજાવો.

29) એલિફંટાની ગૂફાઓ વિશે નોંધ લખો.

30) "સ્વર્ગના બગીચામાં પવિત્ર દિલોનું સ્વાગત છે" આ વિધાન સમજાવો.

31) વન્યજીવ સંરક્ષણ માટેના ઉપાયો જણાવો.

32) પારિભાષિક શબ્દોનો અર્થ આપો:

1) સૌર ઊર્જા

2) ભરતી શક્તિ

33) સીસાના ઉપયોગો લખો.

34) મને ઓળખો: અને લખો.

1) ટસર

2) S.A.I.L



GYANGATHA EDUCATION IS EMPOWERMENT

35) ઈલેક્ટ્રોનિક્સ ઉદ્યોગ વિશે સમજાવો.

36) આતંકવાદની આર્થિક અસરો જણાવો.

37) ફક્ત અનુસૂચિત જનજાતિ માટેની બંધારણીય જોગવાઈઓ લખો.

## વિભાગ - C

**નીચે આપેલા 38 થી 46 પ્રશ્નોના નવ (9) પ્રશ્નોમાંથી કોઈ પણ છ (6) પ્રશ્નોના આશરે 60 થી 80 શબ્દોમાં મુદ્દાસર જવાબ લખો. (દરેકના 3 ગુણ)** **[18]**

38) નીચેનું ચિત્ર જોઈને સવાલોના જવાબ આપો.



1) આપેલ ચિત્ર ક્યા સ્થાપત્યનું છે?

2) આ સ્થાપત્ય ક્યા રાજ્યમાં આવેલું છે.

3) તેનું બાંધકામ ક્યા સ્વરૂપે થયેલું છે?

39) સારનાથના સ્તંભનો પરિચય આપો.

40) વલભી વિદ્યાપીઠ વિશે જણાવો.

41) ભૂમિ સંરક્ષણના ઉપાયો લખો.

42) રણ પ્રકારની જમીન ઓછી ફળદ્રુપતા ધરાવે છે. કારણ આપો.

43) વૈશ્વિકરણ વિશે ટુંકનોંધ લખો.

44) નીચે આપેલા ચિત્રોને ઓળખી તેના પૂરા નામ લખો.




45) ભાવવધારાના કારણો જણાવો.

46) મહિલાઓના કલ્યાણ માટે ભારતે કઈ કઈ યોજનાઓ અમલમાં મૂકી છે?

GYAN GATHA
EDUCATION IS EMPOWERMENT

## વિભાગ- D

**નીચે આપેલા 47 થી 53 પ્રશ્નોના (7) પ્રશ્નોમાંથી કોઈ પણ ચાર (4) પ્રશ્નોના આશરે 120 થી 150 શબ્દોમાં જવાબ લખો. અને પ્રશ્ન - 54 નકશો ફરજિયાત છે. (દરેકના 4 ગુણ) [20]**

47) "રસાયણશાસ્ત્ર એક પ્રયોગાત્મક વિજ્ઞાન છે." આ વિધાન સમજાવો.

48) વૈદકવિદ્યા અને શલ્ય ચિકિત્સામાં પ્રાચીન ભારતનું મહત્વ જણાવો.

49) ભારતમાં કૃષિના પ્રકારો કયા-કયા છે તેની વિસ્તૃત સમજ આપો.

50) ભારતીય કૃષિક્ષેત્રે થયેલા તકનિકી સુધારા જણાવો.

51) ગરીબી નિવારણ માટે સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ કોઈપણ પાંચ યોજનાના નામ લખી નીચે આપેલ યોજનાની સમજ આપો.

1) મા અન્નપૂર્ણા યોજના

2) સેન્દ્રિય ખેતીને પ્રોત્સાહન

52) બેરોજગારીનો અર્થ આપી તેના મુખ્ય સ્વરૂપો વિશે સમજાવો.

53) બંધારણમાં આપેલા બાળકોના અધિકારો જણાવો.

54) ભારતમાં રેખાંકિત નકશામાં નીચેની વિગતો આપેલા નકશામાં યોગ્ય સંજ્ઞાઓ વડે યોગ્ય સ્થાને દર્શાવો.

(1) કાળી જમીન

(2) પેરિયાર અભ્યારણ્ય

(3) મગફળી પકવતું કોઈ એક રાજ્ય

(4) જહાજ બાંધકામ ઉદ્યોગનું એક કેન્દ્ર વિશાખાપટ્ટનમ.

<u>દષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે નીચેના પ્રશ્નોના જવાબ આપો.</u>

(1) કાળી જમીન બીજા ક્યા નામે ઓળખાય છે?

(2) પેરિયાર અભ્યારણ્ય ક્યા રાજ્યમાં આવેલું છે?

(3) ભારતમાં મગફળી ઉત્પાદન કરતું કોઈપણ એક રાજ્ય જણાવો.

(4) જહાજ બાંધકામ ઉદ્યોગ વિશાખાપટ્ટનમ શહેર ક્યા રાજ્યમાં આવેલું છે?

GYAN GATHA EDUCATION IS EMPOWERMENT